# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

**************************************************

**1)** ભારત - અમેરિકા વચ્ચે ઐતિહાસિક વેપાર કરાર - ટેરિફ 25%થી ઘટાડીને 18% કરાયો

**2)** ભારત અમેરિકા વેપાર કરાર માટે બંને દેશના નેતાઓએ પરસ્પર અભિનંદન પાઠવ્યા

**3)** એરપોર્ટ પ્રક્રિયાઓને સરળ અને ઝડપી બનાવ માટે નવા કસ્ટમ્સ બેગેજ નિયમ 2026 પરિપત્ર જાહેર

**4)** અટવાયેલા મુસાફરોની સુવિધા માટે રેલ્વે કટરા અને શ્રીનગર વચ્ચે આજથી બે દિવસ ચાર ખાસ ટ્રેન દોડાવશે

**5)** મહિલા ક્રિકેટમાં ગુજરાત જાયન્ટ્સ આજે દિલ્હી કેપિટલ્સ સામે રમશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM MODI TRUMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાત કરી અને જાહેરાત કરી કે મેડ ઇન ઇન્ડિયા ઉત્પાદનો પર હવે 18 ટકાના ઘટાડા સાથેનો ટેરિફ રહેશે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ જણાવ્યું હતું કે જ્યારે બે મોટી અર્થવ્યવસ્થાઓ અને વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશો સાથે મળીને કામ કરે છે, ત્યારે તે લોકોને લાભ આપે છે અને પરસ્પર ફાયદાકારક સહયોગ માટે અપાર તકો ખોલે છે. તેમણે આ જાહેરાત માટે ભારતના 140 કરોડ લોકો વતી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર માન્યો.

પ્રધાનમંત્રી મોદીએ ઉમેર્યું કે રાષ્ટ્રપતિ ટ્રમ્પનું નેતૃત્વ વૈશ્વિક શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે ભારત શાંતિ માટેના તેમના પ્રયાસોને સંપૂર્ણ સમર્થન આપે છે. શ્રી મોદીએ કહ્યું કે તેઓ દ્વિપક્ષીય ભાગીદારીને અભૂતપૂર્વ ઊંચાઈએ લઈ જવા માટે રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે નજીકથી કામ કરવા આતુર છે.

# INDIA US

કેન્દ્રીય મંત્રીઓ અમિત શાહ, ડૉ. એસ. જયશંકર, અશ્વિની વૈષ્ણવ, પિયુષ ગોયલ અને કિરેન રિજિજુએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ તેમજ ભારત અને અમેરિકાના લોકોને આ ઐતિહાસિક વેપાર કરાર બદલ અભિનંદન પાઠવ્યા છે.

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે આનાથી વધુ રોજગારીનું સર્જન થશે, વિકાસને વેગ મળશે અને બંને અર્થતંત્રોમાં નવીનતાને પ્રોત્સાહન મળશે. તેમણે કહ્યું કે, તે 'મેક ઇન ઇન્ડિયા' પ્રયાસોને મજબૂત બનાવશે અને વિશ્વસનીય ટેકનોલોજી સંબંધોને પ્રોત્સાહન આપશે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત-અમેરિકાના આર્થિક જોડાણમાં વિશાળ તકો સાકાર થશે. ડૉ. જયશંકરે નોંધ્યું કે મજબૂત આર્થિક સંબંધ એ ભારત-અમેરિકાના વ્યૂહાત્મક ભાગીદારીનો સૌથી મજબૂત પાયો છે.

ગૃહમંત્રી અમિત શાહે ભારત-અમેરિકાના સંબંધો માટે એક મોટો દિવસ ગણાવ્યો. તેમણે કહ્યું કે, નોંધપાત્ર રીતે ઘટાડેલા ટેરિફ સાથેનો વેપાર કરાર મજબૂત વેપાર સંબંધો અને પરસ્પર વિકાસનો માર્ગ મોકળો કરશે

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું કે, આ વેપાર સોદો બે સમાન વિચારધારા ધરાવતા, વાજબી વેપાર કરતા લોકશાહી દેશોની શક્તિને પ્રતિબિંબિત કરે છે

તેમણે કહ્યું કે, આ કરાર ખેડૂતો, MSME, ઉદ્યોગસાહસિકો અને કુશળ કામદારો માટે મેક ઇન ઇન્ડિયા, ડિઝાઇન ઇન ઇન્ડિયા અને ઇનોવેટ ઇન ઇન્ડિયા માટે વિશ્વ માટે અભૂતપૂર્વ તકો ખોલે છે. તેમણે ઉમેર્યું કે તે ભારતને યુએસ પાસેથી ટેકનોલોજી મેળવવામાં મદદ કરશે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે તેને જીત-જીતનો સોદો ગણાવ્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી વૈષ્ણવે કહ્યું કે, સાથે મળીને, ભારત અને અમેરિકા શાંતિ અને વિકાસ માટે કામ કરવાની વિશાળ સંભાવના ધરાવે છે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું કે, ભારત અને અમેરિકા વિશ્વના સૌથી સાચા લોકશાહી અને સહિયારા મૂલ્યો અને વૈશ્વિક જવાબદારી સાથે

કુદરતી ભાગીદારો છે. તેમણે કહ્યું કે, સાથે મળીને, તેમની પાસે શાંતિ, વિકાસ અને નવીનતાને આગળ વધારવાની ક્ષમતા છે.

# US DEAL

ભારતમાં અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે ભારપૂર્વક જણાવ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ખરેખર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક મહાન મિત્ર માને છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં રાજદૂત ગોરે કહ્યું કે તેઓ ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરારના સમાચારથી રોમાંચિત છે. તેમણે ઉમેર્યું કે અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધોમાં અમર્યાદિત સંભાવનાઓ છે.

જ્યારે અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રાએ કહ્યું કે ભારત-અમેરિકા વેપાર કરાર એ પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી અને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ પરિણામલક્ષી ભાગીદારી માટે એક મોટી જીત છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, રાજદૂત ક્વાત્રાએ કહ્યું કે, આ વેપાર કરાર બંને અર્થતંત્રો અને બંને દેશોના લોકો માટે વિશાળ નવી તકો ઊભી કરશે. તેમણે ઉમેર્યું કે આજની જાહેરાતો ભારત-અમેરિકા ભાગીદારીમાં એક નવા રોમાંચક તબક્કાની શરૂઆત કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# PRESIDENT'S ADDRESS

રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ દરમિયાન ભૂતપૂર્વ સેના પ્રમુખ એમ એમ નરવણેના અપ્રકાશિત પુસ્તક અંગે વિપક્ષી નેતા રાહુલ ગાંધીની ટિપ્પણી પર ભારે હોબાળો થતાં લોકસભાની કાર્યવાહી ત્રણ વખત ખોરવાઈ હતી.

બીજી વાર સ્થગિત થયા પછી ગઇકાલ સાંજે 4 વાગ્યે ગૃહની બેઠક મળી ત્યારે, શ્રી ગાંધીએ ફરીથી અપ્રકાશિત પુસ્તકનો ઉલ્લેખ કર્યો જેના પર ટ્રેઝરી બેન્ચના સભ્યોએ વાંધો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે તેઓ આ મુદ્દો ઉઠાવી રહ્યા છે જે રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંબંધિત છે.

જ્યારે શ્રી ગાંધીએ આ વિશે વાત કરી, ત્યારે સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે શ્રી ગાંધી પર કાલ્પનિક અંશો ટાંકીને ગૃહને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ કહ્યું, શ્રી ગાંધીએ સેનાનું અપમાન ન કરવું જોઈએ. શ્રી રિજિજુએ પણ શ્રી ગાંધીને ફક્ત આભાર પ્રસ્તાવ પર જ બોલવા વિનંતી કરી હતી

**બાઇટ- KIREN-RIJIJU**

શ્રી ગાંધીએ ફરીથી આ મુદ્દાનો ઉલ્લેખ કર્યો જેના કારણે ગૃહ આજ સવારે 11 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું.

# NEW CUSTOMS BAGGAGE RULES

કેન્દ્ર સરકારે એરપોર્ટ પ્રક્રિયાઓને સરળ અને ઝડપી બનાવ માટે નવા કસ્ટમ્સ બેગેજ નિયમ, 2026 પરિપત્ર પ્રસિધ્ધ કર્યા છે.

આ નવા નિયમોનો હેતુ કાગળ કામ ઘટાડવા, પારદર્શિતા વધારવા અને એરપોર્ટ પર ક્લિયરન્સ ઝડપી બનાવવાનો છે. મુસાફરો હવે ઇલેક્ટ્રોનિક રીતે અને અગાઉથી પણ તેમના સામાનની જાહેરાત કરી શકશે, જેનાથી કસ્ટમ કાઉન્ટર પર સમય બચશે.

સાંભળીએ એક અહેવાલ

V/C ANAND PATHAK

# SPECIAL TRAIN KATRA-AND-JAMMU

રેલ્વે ખરાબ હવામાન અને ભૂસ્ખલનના કારણે અટવાયેલા મુસાફરો માટે વૈષ્ણોદેવી કટરા અને શ્રીનગર વચ્ચે રિઝર્વ્ડ સ્પેશિયલ ટ્રેનોના સંચાલનને મંજૂરી આપી છે.

કટરા અને શ્રીનગર વચ્ચે આજે અને આવતિકાલે ચાર ખાસ ટ્રેનો કાર્યરત રહેશે, જેમાં બનિહાલ ખાતે રૂટ પર સ્ટોપ રહેશે.

આ નિર્ણય આ પ્રદેશમાં નિયમિત પરિવહન સેવાઓના વિક્ષેપથી પ્રભાવિત મુસાફરો માટે સલામત, સરળ અને અનુકૂળ મુસાફરી સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવ્યો છે.

રેલ્વે અધિકારીઓએ મુસાફરોને રિઝર્વેશન સ્થિતિ અને ટ્રેનના સમયપત્રક અગાઉથી તપાસવાની સલાહ આપી છે, આ સમયગાળા દરમિયાન માંગ વધુ રહેવાની ધારણા છે.

# MORN.RABI CROP -DATA

ગયા મહિનાની ૩૦મી તારીખ સુધીમાં દેશભરમાં રવિ પાકનું વાવેતર ૬૭૬ લાખ હેક્ટરથી વધુ વિસ્તારમાં થયું છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે કે, આ સિઝનમાં રવિ પાકનું વાવેતર વધ્યું છે, જેમાં ગયા વર્ષની સરખામણીમાં કુલ વિસ્તારમાં ૧૫ લાખ હેક્ટરનો વધારો થયો છે.

ઘઉંનું વાવેતર ૩૩૫ લાખ હેક્ટરથી વધુ થયું છે, જ્યારે ચોખાનું વાવેતર ૪૫ લાખ હેક્ટરમાં થયું છે.કઠોળનું વાવેતર પણ ૧૩૯ લાખ હેક્ટરથી વધુ થયું છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન ૧૩૪ લાખ હેક્ટર હતું.

કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા જાહેર કરાયેલ પ્રગતિ અહેવાલમાં જણાવાયું છે કે, શ્રી અન્ન અને જાડાધાનનું વાવેતર લગભગ ૬૧ લાખ હેક્ટરમાં થયું હતું. તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ૯૭ લાખ હેક્ટરથી વધુ થયો છે.

# AMRUT UDHYAN

રાષ્ટ્રપતિ ભવન ખાતેનું અમૃત ઉદ્યાન આજથી  જાહેર જનતા માટે ખુલ્લું મુકાશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રીય રાજધાનીમાં બગીચાના વાર્ષિક શિયાળુ સંસ્કરણનું ઉદ્ઘાટન કર્યું હતું.

# WPL

મહિલા ક્રિકેટ લીગમાં, ગુજરાત જાયન્ટ્સ આજે વડોદરાના કોટંબીના BCA સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

આજની વિજેતા ટીમ ગુરુવારે ફાઇનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે સીધી ટકરાશે. સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCB મહિલા ટીમ લીગ સ્ટેજમાં ટેબલ ટોપર્સ તરીકે ટાઇટલ મુકાબલામાં પોતાનું સ્થાન બનાવી લીધું છે.

આ પહેલા, જેમીમાહ રોડ્રિગ્સની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સે રવિવારે અંતિમ લીગ સ્ટેજ મેચમાં UP વોરિયર્સ સામે પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો.

# BADMINTON

બેડમિન્ટન એશિયા ટીમ ચેમ્પિયનશિપ આજથી ચીનના કિંગદાઓ ખાતે શરૂ થશે. એશિયાની અલગ-અલગ પુરુષો અને મહિલા રાષ્ટ્રીય ટીમો આ ટુર્નામેન્ટમાં ભાગ લેશે.

ભારતની મહિલા ટીમ પીવી સિંધુ, તન્વી શર્મા, ઉન્નતિ હુડા, માલવિકા બંસોડ અને ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની જોડી ભારતીય મહિલા ટીમનો ભાગ છે.

પુરુષોની ટીમ લક્ષ્ય સેન, એચ એસ પ્રણય, કિદામ્બી શ્રીકાંત અને ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી પુરુષોની ટીમનું નેતૃત્વ કરશે.

ભારતીય પુરુષ અને મહિલા બંને ટીમો આવતીકાલે તેમના અભિયાનની શરૂઆત કરશે.

<u>અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા</u>

- **આજના અખબારોમાં ભારત - અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલ અંગેના સમાચાર મુખ્ય મથાળે છે.**
- **ગુજરાત સમચારે લખ્યું છે કે, ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ; ટેરિફ 18 ટકા.**
- **દિવ્ય ભાસ્કર લખે છે કે, અંતે ટ્રમ્પે કહ્યું - નમસ્તે મોદી.**
- **તો સંદેશ, ફૂલછાબ અને નવગુજરાત સમાચારે લખ્યું છે કે, ટ્રમ્પે ભારત પર ટેરિફ ઘટાડીને 18% કરવાની જાહેરાત કરી.**
- **સ્થાનિક સમાચારોમાં જોઈએ તો માવઠાનું સંકટ, 8 જિલ્લામાં વરસાદની આગાહી, રાજ્યમાં ટૂંકમાં 4 સેમિકંડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે, રાજકોટમાં પાટા પર સેલ્ફી લેતા ટ્રેન અડફેટે 2 યુવાનના મૃત્યુ, રાજકોટના જંગલેશ્વર વિસ્તારમાં મેગા ડિમોલિશન સામે હાઇકોર્ટે સ્ટે આપ્યો, અમદાવાદમાં આરટીઓએ 8 હજાર 300 વાહન બ્લેકલિસ્ટ કર્યા જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.**